### ઉમેદવારો, રાજકીય પક્ષોનો જીવ તાળિયે ચોંટ્યો

## દાહોદ જિલ્લાના મતદારોમાં 'અંડરકરંટ'

**ચૂંટણી મુદ્દાઓ પણ બિનઅસરકારક ઠર્યા : મતદારોનું મન કળવું જ અઘરૂ**

(પ્રતિનિધિ) દાહોદ તા.24

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પ્રચારને આડે હવે ગણતરી ના કલાકો માંડ બાકી રહ્યાં છે તેમ છતાંય ચૂંટણી માહોલમાં જોશ કે જોર દેખાતો નથી. આ વખતે ચૂંટણી મુદ્દાઓ પણ જાણે બિનઅસરકારક સાબિત થયા છે. જેથી મતદારોને રિઝવવા શું કરવું એ મુદ્દે ઉમેદવારો અને રાજકીય પક્ષો મૂંઝવણમાં મુકાયા છે. ચૂંટણી માહોલ એટલીહદે નિરસ બન્યો છે જાણે ચૂંટણી ન હોય તેવું લાગી રહ્યું છે. વર્તમાન રાજકીય સ્થિતિને જોતાં મતદારોમાં અંડરકરંટ છે તેવુ ચિત્ર ઉપસ્યુ છે. પંદર દિવસના ચૂંટણી પ્રચાર પછી પણ મતદારોનું મન અકળ રહ્યુ છે આ જોતાં ઉમેદવારો અને રાજકીય પક્ષોનો જીવ ઊચો રહ્યો છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મતદારોની નિરસતાએ ઉમેદવારો-રાજકીય પક્ષોની ચિંતા વધારી છે. રાંધણ ગેસની અછત મોઘવારી ઉપરાંત યુધ્ધ ના ઓછાપા ને લીધે વેપારધંધામાં મંદીનો માહોલને લીધે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો પ્રચાર ફિક્કો રહ્યો છે. મતદારોને જાણે ચૂંટણીમાં રસ જ રહ્યો નથી. મતદારોમાં જાણે ચૂંટણીનો માનસિક થાક વર્તાઈ રહ્યો છે. મહત્વની વાત એકેં, આ વખતે ચૂંટણીમાં મતદારોને રિઝવી શકે તેવા અસરકારક મુદ્દા જ નથી.ભાજપ સરકાર પક્ષ મતદારો વચ્ચે જઈને વાહવાહી મેળવે તેવો ચૂંટણી પ્રચાર કરી શકે તેવી સ્થિતિમાં નથી. હાલ એન્ટી-ઈન્કમ્બન્સીનો એવો માહોલ પ્રવર્તી રહ્યો છે,જે લોકો સરકારથી ભારોભાર નારાજ છે. ભાજપના ચૂંટણીમાં જનપ્રતિનીધીઓ પ્રજાલક્ષી કામો જ કર્યા નથી જેથી લોકોમાં રોષ ભભૂક્યો છે. આ જોતાં દરેક ભાજપના ઉમેદવારનો ફુરિયો બોલાવીઈ રહ્યો છે. આ તરફ, કોંગ્રેસ અને આપ પણ સરકારના કાન આમળીને મતદારોનાં મનમાં અસર કારકતા ઊભી કરી શકે તેમ નથી. ભાજપ સામે વિપક્ષ ની દાળ ગલે તમે નથી મજબૂરન ગુજરાતની જનતા માટે ભાજપને મત આપવા સિવાય છૂટકારો નથી.

આ સ્થિતિને જોતાં ગુજરાતમાં જનજનમાં અંડરકરંટ હોય તેવુ લાગી રહ્યું છે. ખુદ ભાજપ પણ ખોખરો ખાઈને બહુમતી મળશે તેવું કહી શકે તેવી સ્થિતિમાં નથી. આ સંજોગોમાં મતદારોને રિઝવવા કરવું શું એ સવાલ ઉભો થયો છે. બહાર દેખાતુ ચૂંટણી ચિત્ર અંદરખાને કંઈક જુદુ છે તેવુ રાજકીય પંડિતો પણ માની રહ્યા છે. આ જોતાં ભાજપ, કોંગ્રેસ અને આપના પ્રદેશ નેતાઓએ છેલ્લી ઘડી સુધી દોડાદોડી કરે તેવી સ્થિતિનું નિર્માણ થયુ છે.છેલ્લા ત્રણેક દિવસથી ગરમીનો પારો ૪૦ ડિગ્રીનો પાર કરી ચૂક્યો છે. હજુ પણ હવામાન વિભાગનું કહેવું છે કે, રવિવારે મતદાનના દિવસે પણ સુર્યદેવતા પોતાનો અસલી મિજાજ દેખાડશે.

### ઓઢણી વડે બંધાયેલી હાલતમાં મળ્યા




## હાલોલ પાસે યુવક-યુવતીના કેનાલમાંથી મૃતદેહો મળ્યાં

(પ્રતિનિધિ) હાલોલતા.24

હાલોલ નજીક નર્મદા કેનાલમાંથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. કેનાલમાંથી યુવક અને યુવતીના એકબીજા સાથે ઓઢણી વડે બંધાયેલા હાલતમાં મૃતદેહો મળતા વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે.સ્થાનિક લોકોએ ઘટનાની જાણ કરતા હાલોલ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. ભારે જહેમત બાદ બંને મૃતદેહોને કેનાલમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. ત્યારબાદ બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે જરોદ સરકારી હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા હતા.પ્રાથમિક તપાસમાં બંને મૃતદેહો બંધાયેલા હાલતમાં મળતા બનાવ શંકાસ્પદ માનવામાં આવી રહ્યો છે. પોલીસે આત્મહત્યા સહિત અન્ય તમામ સંભાવનાઓને ધ્યાનમાં રાખીને તપાસ શરૂ કરી છે. મૃતકોની ઓળખ સ્થાપિત કરવા, તેમના વચ્ચેના સંબંધો જાણવા તેમજ ઘટનાની પાછળના સાચા કારણો બહાર લાવવા માટે પોલીસે તપાસ તેજ બનાવી છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ મોતનું ચોક્કસ કારણ બહાર આવશે.નોંધનીય છે કે નર્મદા કેનાલ વિસ્તારમાં અગાઉ પણ આવા બનાવો સામે આવ્યા હોવાથી સ્થાનિકોમાં ભય અને ચર્ચાનો માહોલ જોવા મળી રહ્યો છે.

### પાનમ સિંચાઈનું પાણી ખેતરો સુધી ન પહોંચતા પઢિયારના ખેડૂતોની તંત્રને રજૂઆત

## ગોધરાના અંદરના મુવાડા ગામના 25 ખેડૂતની આજીવિકા સામે ખતરો



**પાણીના અભાવે** ખેત ઉત્પાદન ન થવાથી ખેડૂત પરિવારોની આર્થિક સ્થિતિ કથળી રહી છે : ખેડૂત

(પ્રતિનિધિ) ગોધરા તા.24

પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના પઢિયાર ગ્રામ પંચાયત હેઠળ આવતા અંદરના મુવાડા ગામના આશરે ૨૫ જેટલા ખેડૂત પરિવારોને હાલ સિંચાઈના પાણીના અભાવે આર્થિક મુશ્કેલીનો સામનો કરવાનો વારો આવ્યો છે. ખેતી જ જેમનો એકમાત્ર આર્થિક આધાર છે તેવા આ ખેડૂતોના ખેતરો સુધી પાનમ સિંચાઈ યોજનાનું પાણી ન પહોંચતા ખેતી કરવી અશક્ય બની ગઈ છે. આ સમસ્યાના ઉકેલ માટે ખેડૂતો દ્વારા પાનમ સિંચાઈ વિભાગના કાર્યપાલક ઈજનેરને ઓનલાઈન ફરિયાદ પોર્ટલ મારફતે રજૂઆત કરી ખેતરો સુધી અંડરગ્રાઉન્ડ પાઈપલાઈન નાખવાની માંગ કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, આ વિસ્તારમાં સિંચાઈ માટે પાનમ સિંચાઈ યોજનાની ૨૭/આર ડિસ્ટ્રીની ૩/એલ માઈનોરના બારા નં. ૦૩ ની ફાળવણી થયેલી છે. પરંતુ મુખ્ય બારાથી ખેતરોનું અંતર આશરે ૩ કિલોમીટર જેટલું લાંબુ હોવાથી છેવાડાના ખેતરો સુધી પાણી પહોંચાડવું અત્યંત મુશ્કેલ બન્યું છે. ભૂતકાળમાં સિંચાઈ વિભાગ દ્વારા બનાવેલા માટીના ઢાળિયાઓ અને કુંડીઓ હાલ સંપૂર્ણપણે નાશ પામી માટીથી પુરાઈ ગયા છે. આટલા લાંબા અંતર સુધી માટીના ખુલ્લા ઢાળિયા મારફતે પાણી લાવવામાં મોટા પાયે પાણીનો વેડફાટ થાય છે અને પાણી ખેતર સુધી પહોંચતું જ નથી. નાના અને સીમાંત ખેડૂતો માટે સ્વખર્ચે આટલા લાંબા અંતરની નવી પાઈપલાઈન નાખવી આર્થિક રીતે અશક્ય છે. સિંચાઈના પાણી વિના ખેતી છોડવાનો વારો આવતા ખેડૂતોએ વિવિધ યોજનાઓ અથવા યોગ્ય ગ્રાન્ટમાંથી તાત્કાલિક ધોરણે કામગીરી કરવા કાર્યપાલક ઈજનેરને અપીલ કરી છે. જો અંડરગ્રાઉન્ડ પાઈપલાઈન મંજૂર કરવામાં આવે તો અમૂલ્ય પાણીનો બગાડ અટકશે અને ખેડૂતો સારી રીતે ખેતી કરી પોતાની આજીવિકા બચાવી શકશે તેવી રજૂઆતમાં માંગ કરાઈ છે.

### મહિલાને બચાવવા જતા અકસ્માત, એક મહિલા ઘાયલ

## ગરબાડાના દેવધા પાસે પીકઅપ પલટી, રસ્તા પર દ્રાક્ષની લૂંટ

(પ્રતિનિધિ) ગરબાડા તા.24

ગરબાડા તાલુકાના દેવધા ગામ નજીક આજે એક માર્ગ અકસ્માત સર્જાયો હતો. મધ્ય પ્રદેશથી દ્રાક્ષ ભરીને આવતી એક પીકઅપ ગાડી બેકાબૂ બની પલટી ખાઈ ગઈ હતી. આ ઘટનામાં એક મહિલા ઘાયલ થઈ હતી, જ્યારે રસ્તા પર વિખેરાયેલી દ્રાક્ષને લેવા લોકોની પડાપડી થઈ હતી. પ્રાથમિક માહિતી અનુસાર, આ



દ્રાક્ષ રસ્તા પર વિખેરાઈ ગઈ હતી. આ જોઈને આસપાસના લોકો દ્રાક્ષ એકઠી કરવા માટે દોડી આવ્યા હતા, જેના કારણે થોડા સમય માટે ટ્રાફિક વ્યવસ્થામાં પણ ખલેલ પહોંચી હતી. અકસ્માતમાં મોપેડ ચાલક મહિલાને ઈજાઓ પહોંચી હતી. તેમને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

ઘટનાની જાણ થતા ગરબાડા પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને અકસ્માત અંગે વધુ તપાસ હાથ ધરી હતી.

## ચૂંટણી અધિકારી યોગેશ નિરગુડેના અધ્યક્ષ સ્થાને પત્રકાર પરિષદ યોજાઈ

દાહોદ : દાહોદ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી ૨૬ મી એપ્રિલએ યોજાનાર ચૂંટણી વખતે નાગરિકો ૧૦૦% મતદાન કરે એ માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે. દાહોદ જિલ્લા સેવા સદન છાપરી ખાતે જિલ્લા કલેકટર તેમજ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી યોગેશ નિરગુડેની અધ્યક્ષતા હેઠળ પત્રકાર પરિષદ યોજવામાં આવી હતી. આ દરમ્યાન જિલ્લા કલેકટર તેમજ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી યોગેશ નિરગુડેએ ચોથા સ્તંભ તરીકે એક જવાબદાર પત્રકાર તરીકેની જવાબદારી નિભાવવા અનુરોધ કરાયો હતો.

### દાહોદ નગરપાલિકા ચૂંટણીમાં લોકો ભાજપને સાથ આપશે કે પછી કોંગ્રેસ અપક્ષોને તે જોવું રહ્યું

## સાંજે છ કલાકથી ચૂંટણી પ્રચારના પડઘમ શાંત થયા, રવિવારે મતદાન અને મંગળવારે પરિણામ

**દાહોદમાં** જુના જોગીઓની બાદબાકી કરી અને બધાજ 36 ઉમેદવારો નવા ચહેરાઓ મેદાન મા ઉતારાયા છે

(પ્રતિનિધિ) દાહોદ તા.24

ગુજરાત રાજ્ય માં નગર પાલિકા અને જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત ની ચૂંટણી આખરી તબક્કામાં પ્રયાણ કરી રહી છે આજે ચૂંટણી પ્રચારનો આખરી દિવસ છે આજે તા ૨૪ સાંજ ના છ કલાકથી આચાર સંહિતા મુજબ પ્રચાર પડઘમ શાંત થશે તેના કારણે આજે આખા દિવસ દરમિયાન ઉમેદવારો અને સમર્થકો જોશભેર ચૂંટણી પ્રચાર મા વ્યસ્ત જોવા મળી રહ્યા છે તારીખ ૯ એપ્રિલ ના દિવસે ચૂંટણી નુ જાહેર નામું પ્રગટ થયા બાદ એક બાદ એક ઈલેક્શન વિભાગ દ્વારા બનાવેલ ચૂંટણી વિવિધ પક્ષો, અપક્ષ પગથિયાં ચડી રહ્યા છે અને આજે તા 24 સુધી પહોંચ્યા છે આ દિવસો દરમિયાન ઉમેદવારો ચૂંટણી યુદ્ધ લડવા માટે ની મહેનતમાં લાગ્યા હતા.

હવે ચૂંટણી આખરી ચર્ચા માં પહોંચી છે હવે માત્ર ઉમેદવારો માટે બે દિવસ બાકી છે અને દરેક ઉમેદવારો મતદારોને રીઝવવામાં લાગ્યા છે આ વખતે નગર પાલિકા ને ચૂંટણી મા ભાજપ દ્વારા ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો હતો તેમાં બધા જુના જોગીઓ ની બાદબાકી કરી અને બધાજ 36 ઉમેદવારો નવા ચહેરાઓ મેદાન મા ઉતારાયા છે ત્યારે જોવું એ રહ્યું છે કે મતદારો આ નિર્ણય ને આવકારશે કે પછી વિરોધ કરશે.

જોકે હાર જીતનો ફેસલો ન મતદાન અને તા 28 ના રોજ મતગણતરી ન દિવસે જ ખબર પડશે અત્યારે તો દરેક ઉમેદવારો જીતવા માટેનું એડીચોટી નું જોર લગાવી રહ્યા છે

## હાલોલ પાલિકાને બે અગ્નિશામક ટેન્ડર વાહનો ફાળવવામાં આવ્યા

(પ્રતિનિધિ) હાલોલ તા.24

પ્રાપ્ત માહિતી અનુસાર ગુજરાત અર્બન કંપની લિમિટેડ અને ગુજરાત સ્ટેટ ફાયર વિભાગ દ્વારા સ્વર્ણિમ જયંતી અગ્નિશામક બે નવા વાહનો આપવામાં આવ્યા છે બે વાહનો પૈકી એક ટેન્ડર 12,000 લિટરની પાણીની ક્ષમતા ધરાવતું અત્યંત આધુનિક હાઈટેક ટેકનોલોજી થી સજ ટેન્ડર મળ્યું હતું અને બીજું 5,000 l પાણી અને 1000 l ફોર્મ ની કેપેસિટી ધરાવતું અગ્નિશામક ટેન્ડર ગઈકાલે હાલોલ નગરપાલિકા ફાયર ટીમના કર્મચારી દેવાંગ




ક્રિસ્ચન અને ઉત્સવ સી રાઠોડ દ્વારા સ્વીકારવામાં આવ્યું હતું આમ બે આધુનિક હાઈટેક ટેકનોલોજી અને ઓટો ગેર વાળું વાળા ટેન્ડર આવવાથી હાલોલ ના સમગ્ર વિસ્તારમાં આનંદની લાગણી પ્રસરી ગઈ હતી.

## દાહોદના ગોદી રોડ પર પાર્ક કરેલી બે કારમાં અચાનક આગ

દાહોદ : દાહોદ શહેરના ગોદી રોડ પર આવેલા નૂર સ્ક્વેર એપાર્ટમેન્ટ પાછળના ખુલ્લા પ્લોટમાં બપોરે આશરે 3:45 વાગ્યે અચાનક આગ લાગી હતી.

આગ ઝડપથી ફેલાતાં ત્યાં પાર્ક કરેલી બે કાર તેની ઝપેટમાં આવી ગઈ હતી.આ બનાવમાં બે કાર સંપૂર્ણપણે બળી ગઈ હતી. ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડના જવાનો તાત્કાલિક સ્થળ પર પહોંચી સતત પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લીધી હતી.આ આગના બનાવમાં કોઈ જાનહાનિ થઈ નથી.

### તેરા તુજકો અર્પણ અભિયાન અંતર્ગત કામગીરી કરાઇ

## હાલોલમાં અરજદારોના 14 મોબાઈલ ટાઉન પોલીસે પરત કરતાં ખુશી છવાઈ

(પ્રતિનિધિ) હાલોલ તા.24

પંચમહાલ જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓ તેમજ હાલોલ DYSP વી.જે.રાઠોડ તેમજ હાલોલ ટાઉન પોલીસ પીઆઈ આર.કે. દેસાઈની સૂચના અને માર્ગદર્શન હેઠળ તેરા તુજકો અર્પણ અંતર્ગત જેમાં હાલોલ પંથકમાં લોકોના ગુમ થયેલા મોબાઈલ ગુમ થયેલી અરજીઓ ને લઈ સર્વેલન્સ ટીમના પોલીસ કર્મચારીઓએ ટેકનિકલ રીતે તેમજ વિવિધ રીતે તપાસ



હાથ ધરી શોધી આપી જે લોકો માટે મોંઘા અને અનમોલ કહી શકાય તેવા ગુમ થયેલ મોબાઈલ ફોન તેવા લોકોને શોધી તેઓને પોલીસના તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત હાલોલ ટાઉન પોલીસે 14 અરજદારોના ફૂલ 2,96,981 રૂ.ના મોબાઈલ પરત આપતા અને તેઓના મોબાઈલ પરત મળતા અરજદારોના ચહેરા પર ખુશીનો માહોલ જોવા મળ્યો હતો અને તેઓએ પોતાની કીમતી મોબાઈલ પરત મળવાની ખુશી જાહેર કરી હાલોલ ટાઉન પોલીસનો આભાર વ્યક્ત કરાયો હતો.

## મધવાસની શાળામાં મતદાન જાગૃતિના કાર્યક્રમ યોજાયા

(પ્રતિનિધિ) કાલોલ તા.24

કાલોલ કુમાર કસ્ટરની મધવાસ પ્રાથમિક શાળા દ્વારા લોકશાહીના મહાપર્વને અનુલક્ષીને મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ આજુબાજુના વિસ્તારમાં મતદાનનું મહત્વ સમજાવવા ખાસ પ્રવૃત્તિઓ હાથ ધરી હતી જ્યાં અભિયાન દરમિયાન વિદ્યાર્થીઓએ ઘરે-ઘરે સંપર્ક કરી પોતાના વાલીઓ ને મતદાન માટે માહિતગાર કર્યા હતા. મારો મત, મારો અધિકાર અને પહેલા મતદાન, પછી જળપાન જેવા સ્લોગન સાથે બાળકોએ ગામમાં જાગૃતિ રેલી કાઢી હતી. રેલીમાં બાળકોએ હાથમાં પ્લેકાર્ડ સાથે મતદાન કરવા માટે નાગરિકોને અપીલ કરી હતી.શાળાના આચાર્ય કિરણભાઈ દેસાઈ એ જણાવ્યું કે, લોકશાહીના પવિત્ર પર્વમાં એક પણ મતદાર વંચિત ન રહે તે માટે બાળકો દ્વારા આ પહેલ કરવામાં આવી છે. બાળકો પોતે જ પોતાના પરિવારને જાગૃત કરી રહ્યા છે, જે પ્રશંસનીય છે. શાળામાં નિબંધ, ચિત્ર સ્પર્ધા અને સૂત્રોચ્ચાર જેવી પ્રવૃત્તિઓ દ્વારા પણ મતદાન જાગૃતિનો સંદેશ આપવામાં આવ્યો હતો.

### હાલોલના નવા ઢીંકવા ગામે જૂની અદાવતમાં લોહીયાળ જંગ

## કાકી - ભત્રીજાને લાકડીઓ ફટકારી જીવલેણ ઈજા પહોંચાડતાં ફરિયાદ

(પ્રતિનિધિ) હાલોલ તા.24

હાલોલના નવા ઢીંકવા ગામના ખરોડ ફળિયામાં રહેતા વિપુલકુમાર અરવિંદભાઈ બારીયાએ પાવાગઢ પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદ મુજબ, સાંજે સાતેક વાગ્યાના સુમારે આ ઘટના બની હતી. વિપુલકુમાર પોતાના ઘરના આંગણામાં ઉભા હતા ત્યારે તેમના જ ફળિયામાં રહેતા સુરેશભાઈ ફતેસિંહ બારીયા, ફતેસિંહ અમરસિંહ બારીયા, પ્રકાશ બારીયા અને સમરતબેન બારીયા એકસંપ થઈને ત્યાં ધસી આવ્યા હતા. જૂની સામાજિક અદાવત રાખીને આરોપીઓએ વિપુલકુમારના કાકી શારદાબેનને ગાળો આપવાનું શરૂ કર્યું હતું.જ્યારે શારદાબેને ગાળો બોલવાની ના પાડી, ત્યારે ઉશ્કેરાયેલા સુરેશભાઈએ લાકડી વડે તેમના હાથ અને પગ પર આડેધડ ફટકા માર્યા હતા.કાકીને બચાવવા વચ્ચે પડેલા વિપુલકુમાર પર પણ હુમલો કરવામાં આવ્યો હતો. અન્ય ત્રણ આરોપીઓએ ભેગા મળીને બંનેને ગડદાપાટુનો માર માર્યો હતો. આજુબાજુના લોકો અને પરિવારજનો દોડી આવતા ચારેય આરોપીઓ આજે તો બચી ગયા છો, હવે પછી જાનથી મારી નાખીશું તેવી ધમકી આપી નાસી છૂટ્યા હતા.ઘટના બાદ ઈજાગ્રસ્તોને તાત્કાલિક ૧૦૮ મારફતે હાલોલ રેફરલ હોસ્પિટલ ખસેડાયા હતા. જોકે, ઈજા ગંભીર હોવાથી તેમને ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. મેડિકલ તપાસમાં જાણવા મળ્યું છે કે વિપુલકુમારને જમણા હાથે ફ્રેક્ચર થયું છે, જ્યારે તેમના કાકી શારદાબેનને જમણા હાથે અને જમણા પગે ગંભીર ફ્રેક્ચર થયા છે.

## હીટવેવ: દાહોદ આરોગ્ય તંત્રે એડવાઈઝરી જારી કરી

(પ્રતિનિધિ) દાહોદ તા.24

જિલ્લામાં છેલ્લા બે ત્રણ દિવસથી ગરમીનું પ્રમાણ વધી ગયું છે. અને આગામી દિવસોમાં પણ ગરમીનો પારો વધવાની શક્યતાઓ રહેલી છે.આવા સંજોગોમાં લુ લાગવાની શક્યતા વધુ રહે છે.વધુ પડતી ગરમીના કારણે લુ લાગવાના કેસો ખાસ કરીને નાના બાળકો,સગર્ભા માતાઓ,વૃધ્ધો,અશક્ત બીમાર હોય તેવા દર્દીઓ,શ્રમિકો અને ખેતમજૂરોને લૂ લાગવાની ઘટના વધુ પ્રમાણમાં બને છે.જે જીવલેણ પણ બની શકે છે.શરીર અને માથાનો દુખાવો થવો,શરીરનું તાપમાન વધી જવું,ખૂબ તરસ લાગવી,ત્વચા ગરમ,લાલાશવાળી અને શુષ્ક થઈ જવી,ઉલટી કે ઉબકા થવા કે આવવા આંખે અંધારા કે ચક્કર આવવા,શ્વાચ્છોશ્વાસ અને હૃદયના ધબકારા વધી જવા,અતિ ગંભીર હોય તેવા કિસ્સામાં ખેંચ આવવી,બેભાન થઈ જવું જેવા લક્ષણો લુ લાગવા સમયે થાય છે.

### વિવિધ પ્રકારના પ્રશ્નોના નિરાકરણ માટે પ્રયાસ હાથ ધરાશે

## કાલોલ તાલુકા શૈક્ષિક મહાસંઘની નવીન કારોબારીની રચના કરાઈ

(પ્રતિનિધિ) કાલોલ તા.24

પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકા ની તાલુકા કારોબારી અને સાધારણ સભા બેઠક યોજાઈ. જેમાં ૭૦ થી વધારે શિક્ષક ભાઈ બહેનો જોડાયા સાથે કાલોલ તાલુકામાં તાલુકા કારોબારી ના ત્રણ વર્ષ પૂર્ણ થતા કાલોલ તાલુકા પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ ની નવીન કારોબારી ની રચના કરવામાં આવી જેમાં પંચમહાલ જીલ્લા શૈક્ષિક મહાસંઘ ના હોદેદારો ઉપસ્થિત રહ્યા. તેમાં નવીન અધ્યક્ષ તરીકે ઠાકોર રવિન્દ્રસિંહ ગજેન્દ્રસિંહ સગનપુરા પ્રાથમિક શાળ વણકર રમણીકભાઈ મહામંત્રી કાલંત્રા પ્રાથમિક શાળા તેમજ ખાંટ શંકરભાઈ ધીરાભાઈ સહ સંગઠન મંત્રી હરખાપુરા પ્રાથમિક શાળા અને ચૌહાણ કિરણભાઈ કોષાધ્યક્ષ બચકા પ્રાથમિક શાળા




તરીકે ની જવાબદારી મળવા બદલ તેમજ ટીમ માં વિવિધ જવાબદારીઓ માટે નવીન કારોબારી ની પણ રચના કરવામાં આવી. જે ત્રણ વર્ષ માટે શિક્ષકો ના પ્રશ્નો તેમજ શાળાકીય મુદ્દાઓ માટે તેમજ રકનાત્મક કાર્યો માટેની યોગ્ય કક્ષાએ રજૂઆત કરી ને વિવિધ પ્રકારના પ્રશ્નો ના નિરાકરણ માટે નો પ્રયાસ કરશે.